ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વિદેશી શહેરમાં હિન્દુ સંસ્કૃતિ પાણીને 'ગોડ ગિફ્ટ' માને છે

## ફરિયાદ પેટી કમાલ કરે છે, બદનસીબે આવી પેટી બંધ થઈ છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભારતભરના શહેરો અને ગામડાઓમાં પીવાના પાણીની બોટલ મળે છે કે જેના ભાવ આજે એક લિટરના ૨૦ રૂપિયા થઈ ગયા છે. મલ્ટીપ્લેક્સમાં તમને આ બોટલ ૪૦ રૂપિયામાં મળે છે. વિચાર કરો એક લિટરના તમે ૨૦ રૂપિયા ખર્ચો છો અને તમારે રોજનું આઠ લિટર પાણી પીવું છે તો કેટલા રૂપિયા થયા... પાણી અને હવા એ વેચવાની ચીજ નથી. કુદરતે આપેલી ગિફ્ટ છે. સેન ફ્રાન્સિસ્કો એક એવું શહેર બની ચૂક્યું છે કે જયાં બોટલના પાણી ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. નવ મહિના સુધી ચાલેલી ચર્ચા પછી એવું નક્કી થયું કે પ્રત્યેક નાગરિક તેની બોટલમાં મફત પાણી આપતા પોઈન્ટ ઉપરથી પાણી ભરી શકે છે. શહેરના લોકોએ માન્યું કે પાણીનું બાઝારીકરણ નહી થવું જોઈએ. હકીકતમાં આપણે પાણીનો વેપાર કરીએ છીએ અને આ શહેરે આપણી ઐતિહાસિક ભારતીય સંસ્કૃતિને અપનાવી છે. આપણે ત્યાં ભૂખ્યાને રોટી અને તરસ્યાને પાણી આપવાની હિન્દુ સભ્યતા અમલી હતી, જે આજે નથી...

### ભાજપમાં ભાઈ કરતાં બહેન આગળ, સવજી કોરાટની ખોટ પડી

### ડાકુ-લૂંટેરાના ગામમાં આજે દિવસે તો શું રાત્રે જઈ શકાય છે

**રાજયમાં વધુ ૧૭ હોટલોને લીકર પરમીટ...**

વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ શરાબની પરમીટ ધરાવતી હોટલોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. રાજય સરકારે હોટલોને છેલ્લે ૨૦૦૮માં શરાબની પરમીટ આપી હતી. એટલે કે છ વર્ષ પછી સરકારે વધુ સાત હોટલોને શરાબની પરમીટ આપી છે, જેમાં અમદાવાદની ચાર, કચ્છની બે અને જૂનાગઢની એક હોટલ છે કે જયાં ટુરિઝમને પ્રમોટ કરવામાં આવ્યું છે. સચિવાલયના સૂત્રો કહે છે કે હજી બીજી ૧૦ હોટલોને શરાબ પિરસવાની છૂટ આપવામાં આવી શકે છે. અત્યાર સુધી ગુજરાતમાં એવી ૨૦ હોટલો છે કે જેમને શરાબ પિરસવાના લાયસન્સ આપવામાં આવેલા છે. સરકારે ૫૫૦૦૦ લોકોને હેલ્થ પરમીટ આપી છે...



**કોગ્રેસ આટલી બધી બદનામ કેમ છે...**

લોકોના દિમાગમાં કોંગ્રેસ આટલી બધી બદનામ કેમ બની છે એ સમજાતું નથી. સત્ય તો એ છે કે કોઈપણ પાર્ટી દૂધે ધોયેલી નથી. ચૂંટાયેલા

● અનુસંધાન પાન-૭ પર

# નવરાત બાદ હવે સેક્ટરોમાં શરદોત્સવની ભવ્ય ઉજવણીની તૈયારી

## નભમાં નિખરતા પૂનમના ચાંદલીયાના અજવાળે સેક્ટરોની શેરીઓમાં વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૫

નવલી નવરાત વીતી જતા નવયૌવન વાતો વાગોળતા નજરે પડે છે. ખાસ કરીને નવયૌવનના ચહીતા નવરાત પર્વની આખ્ખુ વર્ષ રાહ જોવાતી હોય છે. નવ-નવ રાત સુધી ગરબે ઘુમતા ખેલૈયાઓ નવરાત્રી પછીના દિવસોમાં થોડી નિરસતા અનુભવતા હોય છે. તેવામાં હવે શરદોત્સવની ઉજવણી માટે નગરજનો ઉત્સુક બન્યા છે. ગરબે ઘુમતા ખેલૈયાઓની મીટ પણ શરદ પૂર્ણિમા તરફ મંડરાઈ છે. શરદપૂર્ણિમાની અજવાળી રાતમાં સેક્ટરે-સેક્ટરે પણ ગરબા સહીત વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આદ્યશક્તિના ભક્તિપર્વ નવરાતની ઉલ્લાસપૂર્વકની ઉજવણી નગરજનો માટે એક મીઠી યાદ સમાન બની છે. નવરાતમાં મનમુકીને ગરબે ઘુમતા ખેલૈયાઓ હવે ખાટા-મીઠા સંભારણા વાગોળી રહ્યા છે. નવરાતની ઉજવણીના પડધમ શાંત પડી ગયા બાદ નગરના જનજીવનમાં પણ અનોખો સુનકાર વર્તાઈ રહ્યો છે. આવા સંજોગોમાં શરદપૂર્ણિમાની અજવાળી રાતમાં ગરબે ઘુમવાની ઉત્સુકતા પ્રબળ બની છે. શરદપૂર્ણિમાને બે દિવસ જ આડા રહ્યા છે ત્યારે સેક્ટરોમાં શરદોત્સવની ઉજવણી માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. સેક્ટરોમાં શરદપૂર્ણિમાની ઉજવણી કાંઈક વિશેષ અને વૈવિધ્યસભર રીતે થાય છે. રાસ-ગરબાની રમઝટ સાથે વિવિધ નૃત્યો, નાટક સહીતના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. સેક્ટરોમાં અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત શરદઋતુમાં નભમાં નિખરેલ ચાંદાના અજવાળે દૂધ-પૌંઆની મજા માણવાનુ પણ વિશેષ આયોજન થઈ રહ્યું છે.

# રાજ્ય ગરબા સ્પર્ધામાં ગાંધીનગરની પનઘટ સંસ્થા અર્વાચીન ગરબામાં ત્રીજા સ્થાને

ગાંધીનગર, તા. ૫

અમદાવાદ ખાતે રાજ્ય સરકાર પ્રેરિત રાજ્ય નવરાત્રી રાસ ગરબા સ્પર્ધામાં ગાંધીનગર વધુ એક વખત ઝળકી ઉઠતા સાંસ્કૃતિક પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ગાંધીનગર શહેરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રની યુવતીઓએ રાસ-ગરબા સ્પર્ધાની અર્વાચીન કેટેગરીમાં સમગ્ર રાજ્યમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી નગરનું ગૌરવ વધાર્યું છે. છેલ્લા ૧ ૨ વર્ષથી જાણીતા કોરિયોગ્રાફર ભાવિન પટેલના નેતૃત્વમાં પનઘટ કલા કેન્દ્રના કલાકારો રાજ્યમાં અને રાજ્ય બહાર વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓમાં ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યુ છે.



નવરાત્રી દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં પનઘટ કલા કેન્દ્રના કલાકારો સર્વ શ્રુતિ જોષી, અનુપા પંડ્યા, વૈદેહી પંડ્યા, ઉષા પ્રજાપતિ, મોનિકા ભાટિયા, મીતિ ભટ્ટ, અન્વી શાહ, ખુશ્બુ હાડા, દિવ્યા પંડ્યા, ફાલ્ગુની પટેલ, ઈષા ભટ્ટ, હીર શુકલ, ખુશ્બુ ભાવસાર, અનુજા પુરોહિત, ફોરમ તન્ના, ધરતી કંદોઈ અને સંગીત સંચાલન શ્રી બલવંત સિંધા, દેવાંગ પંચાલ, પ્રવિણ સિંધા, ભાર્ગવ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરકાર દ્વારા હાથ ધરવામાં આવનાર કામો અંગેનો રોડમેપ તૈયાર કરાશે

## તમામ વિભાગોને વિકાસ કામોની સિદ્ધિઓ તથા લક્ષ્યાંકોની વિગતો આપવા તાકિદ

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકાર દ્વારા આગામી ત્રણ માસ દરમ્યાન હાથ ધરવામાં આવનાર કામો અંગેનો રોડ મેપ તૈયાર કરવા તમામ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારે મેળવેલી સિદ્ધીઓ કે જેમાં કોઈ પ્રોજેક્ટ્સ અંગે ત્વરીત કામગીરી કરીને પૂર્ણ કર્યા હોય તેનો સમાવેશ થતો તેની વિગતો તૈયાર કરવા માટે વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત આગામી ચોક્કસ સમય મર્યાદામાં એટલે કે આગામી ૩ માસમાં રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાંઆવનાર બાબતો અંગે રોડમેપ તૈયાર કરવા પર પણ ભાર સરકારે મુકેલો છે અને આ અંગે વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રભારી સચિવો જે તે જિલ્લામાં પ્રોએક્ટીવ ભાગ ભજવે એવો અનુરોધ સરકારે કર્યો છે અને પ્રભારી સચિવોની ભૂમિકા અંગે વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ વિચારણા કરીને સૂચનાઓ પ્રસિદ્ધ કરે તેમજ અદ્યતન કરે તેવી સૂચનાઓ વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગને આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જે તે જિલ્લાઓના રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સાથે પડતર પ્રશ્નો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા તેમજ આ અંગેનું એક પોર્ટલ શરૂ કરવાનું પણ સૂચન વિભાગોના વડાઓને કરવામાં આવ્યું છે. અને જે પોર્ટલ પર જે તે વિસ્તારોના પ્રશ્નો અને તે અંગે થયેલ કાર્યવાહીની વિગતો અપલોડ કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા આગામી ૩ માસ દરમિયાન હાથ ધરવામાં આવનાર કામો અંગે સંબંધીત વિભાગો દ્વારા રોડમેપ તૈયાર કરવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# નવરાત દરમિયાન સેક્ટરોમાં અનોખી સામાજિક સમરસતા પ્રગટી

## સેક્ટરોના શેરી ગરબામાં નાસ્તા અને જમણવારના ટ્રેન્ડ વચ્ચે પારિવારિક માહોલ આકર્ષણનું કેન્દ્ર બન્યો

ગાંધીનગર, તા. ૫

નવરાત દરમિયાન સમગ્ર શહેરમાં આધ્યાત્મિક ચેતના સાથે અનોખી સામાજિક સમરસતા પ્રગટેલી જોવા મળી હતી. એક સમયે મકાનોની કેટેગરી મુજબ વર્ગવાદમાં વિખેરાયેલા શહેરીજનોમાં કોમી-એખલાસ અને પારિવારિક ભાવના વધુ મજબુત બની હોવાનુ સ્પષ્ટ થયું છે. નવરાત્રી દરમિયાન સેક્ટરોના ચોકઠા કલ્ચરમાં પારિવારિક વાતાવરણ વચ્ચે નાસ્તા અને જમણવારનો ટ્રેન્ડ પણ ઉજવણીનો જ એક ભાગ બની ગયો છે. ગરબાના અંતે રોજબરોજ સેક્ટરવાસીઓને અવનવો નાસ્તો પીરસવાની પ્રથા પણ આકર્ષણનું કેન્દ્ર બની છે.

ગાંધીનગરનાં આ વખતે નવરાત્રી પર્વની ઉજવણી વધુ રંગીન અને સંગીન જોવા મળી હતી. શહેરના સેક્ટરોમાં શેરીગરબાના આયોજનમાં સામાજિક સમરસતાની સાથે પારિવારિક ભાવના વધુ પ્રબળ જોવા મળી

● અનુસંધાન પાન-૭ પર



દશાબ્દિ ઉત્સવનો આરંભ - સમદર્શન આશ્રમના દશાબ્દિ ઉત્સવનો આરંભ ભાવપૂર્વક થયો હતો. પૂજ્ય ગુરૂમાના આશીર્વચનથી આરંભાયેલ દશાબ્દિ ઉત્સવમાં સેવાકાર્યો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. શુભારંભ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી, જાણીતા હાસ્ય કલાકાર શાહબુદ્દિનભાઈ રાઠોડ સહિત સંસ્થાના અગ્રણીઓ અને સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમ મામલે હાઈકોર્ટમાં રિટ

## મંગળવારે સુનાવણી : ગાંધીનગર જિલ્લાના ૮૪ પરીક્ષા કેન્દ્રો પર આગામી ૧૨મીએ ૨૫ હજાર ઉમેદવારો પરીક્ષા આપશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકાર દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારી માટે જીપીએસસીની પ્રાથમિક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યું છે. જો કે આ પરીક્ષાના અભ્યાસક્રમમાં સરકારે બદલાવ કર્યો હોવાથી આ મામલે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી છે. આગામી મંગળવારે આ કેસની સુનવણી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આઠ વર્ષના લાંબા અંતરાલ બાદ આ વર્ષે ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે વર્ગ-૧ અને વર્ગ-૨ ની સંયુક્ત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા અંતર્ગત આગામી ૧ ૨મી ઓક્ટોબર-૨૦૧૪ના રોજ સવારે ૧૦ થી સાંજના ૫ કલાક સુધી લેખિત પ્રાથમિક કસોટી રાજ્યભરમાં જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવશે. આ પરીક્ષાને લઈ તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રિટ દાખલ કરવામાં આવી છે. દાખલ થયેલ એક રિટમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, રાજ્યમાં વિવિધ જિલ્લા કચેરીઓમાં ખાલી પડેલી વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યા માટે ૧ ૨મી ઓક્ટોબરના રોજ જીપીએસસી દ્વારા પ્રાથમિક કસોટી યોજાનાર છે. પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર કર્યા બાદ તેના અભ્યાસક્રમમાં મોટા પાયે સુધારા કરવામાં આવ્યા છે. જેને માટે ઉમેદવારોને તૈયારી માટે પુરતો સમય પણ મળ્યો નથી હાલ પુરતી આ પરીક્ષા પર સ્ટે આપવા તેમજ સુધારાને રદ કરવા માટે રિટ કરાઈ છે. પરિણામે કેટલાક ઉમેદવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાં અંદાજે સાત લાખથી વધારે ઉમેદવારો પ્રાથમિક કસોટીમાં જોડાશે. જ્યારે ગાંધીનગર જિલ્લાના ૮૪ કેન્દ્રો પર પણ જિલ્લાના અંદાજે ૨૫ હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે. પરીક્ષાને લઈ કલેક્ટર કક્ષાએ બેઠક પણ યોજાઈ હતી.

# પોલીસના વાહનો પરથી ફેન્સી નંબર પ્લેટ હટાવવા ઝુંબેશ શરૂ કરાશે

## 'પોલીસ' અને 'P' લખેલા ચિતરામણા નંબર પ્લેટ પરથી હટાવી લેવાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં પોલીસ, પ્રેસ, ગવર્મેન્ટ ઓફ ગુજરાત સહિતના વિવિધ લખાણો તથા ફેન્સી નંબર પ્લેટ વાળા વાહનો બેફામ ફરે છે. જેને લઈ ગાંધીનગર ટ્રાફીક પોલીસે ઝુંબેશ શરૂ કરી છે. ખાસ કરીને ગાંધીનગરની પોલીસના વાહનો પરથી 'પોલીસ' કે 'P' લખેલી નંબર પ્લેટ દૂર કરવાની ઝુંબેશ શરૂ કરવા ટ્રાફીક પોલીસે કામગીરી હાથ પર લીધી છે.




વિવિધ લખાણો ચિતરાવીને પ્રજા પર રોફ જમાવવાના અનેક કિસ્સાઓને લઈ આવા પોલીસ, પ્રેસ અને રાજકીય હોદ્દાના લખાણો દૂર કરવા ટ્રાફીક પોલીસ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે. પોલીસ કર્મચારી-અધિકારીઓના વાહનો પર 'પોલીસ' કે 'P' સહીતના વિવિધ લખાણો

● અનુસંધાન પાન-૭ પર

# વિજ્ઞાન પ્રવાહના અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

## ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા ૧૧માં ઓક્ટોબરથી વિધિવત શરૂ

ગાંધીનગર,તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧મી ઓક્ટોબરથી રાજ્યભરની ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. રાજ્યમાં કુલ ધોરણ ૧૧ સાયન્સના સેમેસ્ટર-૧માં ૧૩૮૫૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે જ્યારે ધોરણ ૧૨ સાયન્સના સેમેસ્ટર-૩માં ૧૨૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ નવલી નવરાત્રિનો પૂર્ણ થતાં જ રાજ્યભરમાં બોર્ડ પરીક્ષાનો માહોલ છવાયો છે. ૧૧મી ઓક્ટોબરના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૧ અને ૩ની બોર્ડ પરીક્ષાનો આરંભ થશે. ૧૧મી ઓક્ટોબરે ધોરણસ ૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧માં ગણઈત વિષયની પરીક્ષા બપોરે ૩થી ૫.૩૦ વાગ્યા દરમિયાન યોજાશે જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩માં જીવ વિજ્ઞાન વિષયની પરીક્ષા સવારે ૧૦.૩૦થી એક વાગ્યા દરમિયાન યોજાશે. ૧૧મી ઓક્ટોબરથી શરૂ થતી આ પરીક્ષામાં રાજ્યમાં કુલ ધોરણ ૧૧ સાયન્સના સેમેસ્ટર-૧માં ૧૩૮૫૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે જ્યારે ધોરણ ૧૨ સાયન્સના સેમેસ્ટર-૩માં કુલ ૧૨૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

ઉલ્લેખનીય છે કે, ૧૧મી ઓક્ટોબરથી શરૂ થતી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષામાં પહેલી જ વાર રવિવારે પણ પરીક્ષા યોજાશે. આગામી દિવસોમાં રાજકોટ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ બોર્ડના ઈતિહાસમાં પ્રથમ જ વખથ ૧૯મીને રવિવારે પરીક્ષા યોજાશે. ૧૯મી તારીખે બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા પૂર્ણ થતાં જ એટલે કે ૨૧મીને સોમવારથી ૨૧ દિવસના દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. તો બીજી બાજુ ધોરણ ૯થી ૧૨ (સામાન્ય પ્રવાહ)ની શાળાકીય પરીક્ષા પૂર્ણ થઈ હોઈ વિદ્યાર્થીઓએ અત્યારથી દિવાળીની ખરીદીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com